# ભારતીય મહેસૂલ સેવા

ભારતીય મહેસૂલ સેવા (ઇન્ડિયન રેવન્યુ સર્વિસ - આઈ.આર.એસ.) એ ભારત સરકારમાં સંગઠિત નાગરિક સેવાઓ પૈકીની સમૂહ-એની સૌથી મોટી, કેન્દ્રીય સેવા છે. આઈ.આર.એસ. અધિકારીઓ વિકાસ, સુરક્ષા અને શાસન માટે આવક એકત્ર કરવા માટે જવાબદાર છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે મહત્વાકાંક્ષી વ્યક્તિ છો
- તમને લોકોની સમસ્યાઓ ઉકેલવામાં મદદરૂપ થવાનું ગમે છે
- તમે નવી જવાબદારીઓ લેવા માટે ઉત્સાહિત છો

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. - થી -*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. કોઇ પણ વિષયમાં સ્નાતકનો અભ્યાસક્રમ પૂર્ણ કરો અથવા કોઈ પણ વિષય સાથે સ્નાતક પૂર્ણ કરી સમાન અથવા સંલગ્ન વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

૩. UPSC દ્વારા લેવામાં આવતી સિવિલ સર્વિસ પરીક્ષામાં લાયકાત પ્રાપ્ત કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

એક ભારતીય વિદેશ સેવા સેવકનું માસિક વેતન **રૂ. ૫૬,૧૦૦ થી ૨,૨૫,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત:https://doe.gov.in/sites/default/files/7cpc_report_eng.pdf

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** કેન્દ્ર અને રાજ્ય સરકારની એજન્સીઓ, વિભાગો અને મંત્રાલયો

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમે ઓફિસમાં કામ કરશો. તમારે અધિકારીઓની ટીમને સંભાળવાની રહે છે. સ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો એક ભાગ છે. આ નોકરી બદલીપાત્ર હોય છે. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરો તેવી શક્યતા છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

આસિસ્ટન્ટ કમિશનર ઑફ ઈંકમ ટેક્સ → ડેપ્યુટી કમિશનર ઑફ ઈંકમ ટૅક્સ → જોઈન્ટ કમિશનર ઑફ ઈંકમ ટૅક્સ → એડિશનલ કમિશનર ઑફ ઈંકમ ટૅક્સ → કમિશનર ઑફ ઈંકમ ટૅક્સ → પ્રિન્સિપલ કમિશનર ઑફ ઈંકમ ટૅક્સ → ચીફ કમિશનર ઑફ ઈંકમ ટૅક્સ → મુખ્ય ચીફ કમિશનર ઑફ ઈંકમટેક્સ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**ભારતમાં આવેલી માન્યતા પ્રાપ્ત કોઈપણ કોલેજ.**

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

ભારતીય મહેસૂલી સેવા (આઈ.આર.એસ.) અધિકારી **નીતિન ગુપ્તા** હાલમાં કેન્દ્રીય પ્રત્યક્ષ કર બોર્ડના અધ્યક્ષ છે. ગુપ્તા ઈંકમટેક્સ કેડરના ૧૯૮૬ બેચના છે. તેમણે માલવિયા નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઑફ ટેક્નોલોજી, જયપુરમાંથી સિવિલ એન્જિનિયરીંગમાં સ્નાતક કર્યું છે.*

સ્ત્રોત:https://www.ndtv.com/india-news/revenue-service-officer-nitin-gupta-is-new-central-board-of-direct-taxes-chairman-3103951

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ઈન્ડિયન સિવિલ સર્વિસ એક્ઝામ, યુ.પી.એસ.સી.,
ઈન્ડિયન રેવન્યુ સર્વિસ